પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૮    અંક : ૧૩૫    કુલ પાના : ૪    તારીખ : ૩૦-૦૧-૨૦૨૫    ગુરુવાર    કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## મહાકુંભમાં બીજા અમૃત સ્નાન મૌની અમાસ પર નાસભાગ, ૧૭ થી વધુના મોતની આશંકા



પ્રયાગરાજ

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભમાં દેશ-વિદેશથી લોકો પહોંચી રહ્યા છે. મહાકુંભમાં મૌની અમાવસ્યા એટલે કે બુધવારે બીજું અમૃત સ્નાન થવાનું હતું. અમૃત સ્નાનને લઈને મોટી સંખ્યામાં લોકો મહાકુંભમાં પહોંચ્યા હતા. કોઈ કારણોસર મોડી રાત્રે ત્રણ વાગ્યે મહાકુંભમાં સંગમ પર ભગદળ મચી ગઈ. આ ઘટનામાં ૧૭ લોકોના મોત થયાની જાણકારી સામે આવી છે જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે.

મળતી માહિતી અનુસાર મહાકુંભમાં રાત્રે ૩:૦૦ વાગ્યે નાસભાગ મચી ગઈ હતી. જેમાં અનેક શ્રદ્ધાળુ ઘાયલ થયા હતા. લોકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં ૧૭ લોકોના મોતની ખબર છે. જોકે આ આંકડો વધી શકે છે તેવી પણ સંભાવના છે. મૌની અમાવસ પર મહાકુંભમાં બીજું અમૃત સ્નાન થાય છે. જેમાં કરોડોની સંખ્યામાં લોકો મહાકુંભ પહોંચ્યા હતા. મહાકુંભમાં અચાનક જ ભગદડ મચી જતા આ દુર્ઘટના સર્જાઈ હતી. મહત્વનું છે કે બેકાબૂ થયેલી ભીડે મંગળવારે બપોરે પણ ઘણી બધી જગ્યાએ બેરીકેડ તોડી નાખ્યા હતા. રાત્રે સ્નાન શરૂ થયા પછી સંગમ પર ભીડ વધી ગઈ હતી. ત્યાર પછી અચાનક જ લોકો ભાગવા લાગ્યા. જેના કારણે કેટલાક લોકો નીચે પડી ગયા અને નાસભાગમાં દબાઈ ગયા. નાસભાગની ઘટના પછી અખાડા પરિષદ તરફથી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું કે અમૃત સ્નાન રદ કરવામાં આવે છે. હવે વસંત પંચમીનું સ્નાન ધામધૂમથી કરવામાં આવશે.

તંત્ર તરફથી ભીડને હેન્ડલ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી પરંતુ અમૃત સ્નાન પહેલા જ બધી જ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ. સંગમ પર ક્ષમતા કરતાં વધારે ભીડ ઉમટી પડતા નાસભાગની સ્થિતિ સર્જાઇ હતી આ ઘટના બનતા જ સુરક્ષાકર્મીઓએ રાહત કાર્ય શરૂ કરી દીધું હતું અને ઘાયલ લોકોને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યા હતા.

મહાકુંભમાં વહેલી સવારે બનેલી ઘટનાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સીએમ યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી અને ઘટના પર અપડેટ મેળવી હતી. આ ઘટના પર પીએમ મોદી નજર રાખી રહ્યા છે. તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરીને રાહત કાર્ય અંગે વિગતો પણ મેળવી હતી. સાથે જ લોકોને તાત્કાલિક અસરથી મદદ કરવા સૂચન પણ કર્યા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ સીએમ યોગી સાથે વાત કરી છે અને કહ્યું છે કે તેઓ કેન્દ્ર તરફથી સંપૂર્ણ સહયોગ આપશે.મહાકુંભમાં અમૃત સ્નાનની શરૂઆત થતાં જ ભાગદોડ મચી ગઈ હતી. જોકે સવાર સુધીમાં સ્થિતિના કંટ્રોલ કરી લેવામાં આવી હતી હજુ પણ સંગમ ઘાટ પર રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રદ્ધાળુઓને ખાસ અપીલ પણ કરી છે. સીએમ યોગી એ લોકોને સંયમ રાખવા અને સતર્કતાની અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે લોકો કોઈપણ પ્રકારની અફવા પર ધ્યાન ન આપે. સ્નાન કરવા માટે તંત્ર દ્વારા જે નિયમ બનાવવામાં આવ્યા છે તેનું પાલન કરવામાં આવે. સાથે જ યોગી આદિત્યનાથે શ્રદ્ધાળુઓને અનુરોધ કર્યો છે કે તેઓ જે જગ્યાએ હોય ત્યાં જ રહે અને ત્યાં જ સ્નાન કરે અન્ય ઘાટ પર જવાનો પ્રયત્ન ન કરે.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે સ્નાન માટે ઘણા ઘાટ બનાવવામાં આવ્યા છે, જ્યાં સ્નાન કરી શકાય છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વહીવટીતંત્રની સૂચનાનું પાલન કરવા અને વ્યવસ્થા કરવામાં સહકાર આપવા જણાવ્યું હતું. તેમજ કોઈપણ અફવા પર ધ્યાન ન આપવા અપીલ કરી છે.

બીજી તરફ, સીએમ યોગીને મેળા અધિકારી વિજય કિરણ આનંદ દ્વારા સમગ્ર મામલાની માહિતી આપવામાં આવી છે. મેળા અધિકારીએ નાસભાગના કારણો વિશે મુખ્યમંત્રીને જાણ કરી હતી.ડીજીપી પ્રશાંત કુમાર, મુખ્ય સચિવ ગૃહ સંજય પ્રસાદ પ્રયાગરાજ પ્રશાસનના સતત સંપર્કમાં છે.

આજે માઘ મહિનાની મૌની અમાવસ્યા છે, જેનું વિશેષ મહત્વ માનવામાં આવે છે. આ દિવસે મૌન વ્રત રાખવાથી અને પવિત્ર નદીમાં સ્નાન કરવાથી ઘણું પુણ્ય મળે છે. દર મહિનાના કૃષ્ણ પક્ષની છેલ્લી તિથિને અમાવસ્યા તિથિ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ માઘ મહિનાની અમાવસ્યા તિથિએ જ્યારે સૂર્ય અને ચંદ્ર મકર રાશિમાં હોય છે, ત્યારે સકારાત્મક ઉર્જા વધુ વધે છે. તેથી આ દિવસે મોન રાખીને સ્નાન અને દાન કરવાથી પણ અનેકગણું ફળ મળે છે. આ ઉપરાંત અમાવસ્યાના દિવસે પિતૃઓને તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ કરવાની પરંપરા છે.

આ વર્ષે ૧૪૪ વર્ષ પછી મૌની અમાવસ્યા પર ત્રિવેણી યોગ બન્યો છે. મોડી રાત્રે આ ઘટના કેવી રીતે બની તે અંગે રિપોર્ટમાં દાવો કરવામાં આવે છે કે મહાકુંભમાં નાસભાગ એક થાંભલો તુટ્યા પછી મચી ગઈ હતી. સંગમ પર ભીડ વધી જતા એક થાંભલો તુટી ગયો હતો. જેના કારણે ત્યાં હાજર લોકો ભાગવા લાગ્યા. આ ઘટના પછી સંગમ પર અફરાતફરી થઈ ગઈ જેમાં લોકો ઘાયલ થયા અને કેટલાક લોકોના મોત થયા હોવાનું પણ અનુમાન છે. આ ઘટના પછી ઘાયલોને તુરંત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સવાર થતા સ્થિતિ કાબુમાં થઈ હોવાનું પણ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ઈસરોએ આકાશમાં ઈતિહાસ રચ્યો, તેનું ૧૦૦મું મિશન લોન્ચ કરાયું



ચેન્નાઈ

આજે ભારત ગ્રહોના અભ્યાસની દોડમાં આગળ નીકળી ગયું છે. થોડા સમય પહેલા ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)એ તેનો ૧૦૦મો ઉપગ્રહ લોન્ચ કર્યો છે. ઈસરોના ઈતિહાસમાં આ સિદ્ધિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. હા,ઈસરોએ આજે સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટાથી રોકેટ લોન્ચિંગની સદી પૂરી કરી છે.

આજે ઈસરોએ જીએસએલવી-એફ ૧૫ રોકેટનો ઉપયોગ કરીને નેવિગેશન સેટેલાઈટ લોન્ચ કર્યો. તેમાં એનએવીઆઈસી હેઠળ પાંચ બીજી પેઢીના ઉપગ્રહોનો સમાવેશ થાય છે. મહેરબાની કરીને નોંધ કરો કે અગાઉ ૨૯ મે ૨૦૨૩ ના રોજ,એનવીએસ-૦૧ ને જીએસએલવી એફ૧૨ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

આજે, ચેન્નાઈથી લગભગ ૧૧૦ કિમી દૂર સ્થિત શ્રીહરિકોટા સ્પેસ સેન્ટરથી જીએસએલવી રોકેટ દ્વારા નેવિગેશન સેટેલાઈટ સાથે આ ૧૦૦મો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે. સ્વદેશી ક્રાયોજેનિક સ્ટેજ સાથે જીઓસિંક્રોનસ સેટેલાઇટ લોંચ વ્હીકલને આજે અહીં બીજા લોન્ચ પેડથી એટલે કે ૨૯ જાન્યુઆરીએ સવારે ૬.૨૩ કલાક પહેલા નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૦૨ વહન કરતી ૧૭મી ફ્લાઈટમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ સંબંધમાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે 'એકસ' પર લખ્યું, "૧૦૦મું પ્રક્ષેપણઃ શ્રીહરિકોટાથી ૧૦૦મી પ્રક્ષેપણની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા બદલ ઈસરોને અભિનંદન. રેકોર્ડ સિદ્ધિની આ ઐતિહાસિક ક્ષણે અવકાશ વિભાગમાં જોડાવું એ એક લહાવો છે. ટીમ ઈસરો, તમે જીએસએલવી-એફ૧૫-એનવીએસ-૦૨ મિશનના સફળ પ્રક્ષેપણ સાથે ફરી એકવાર ભારતને ગૌરવ અપાવ્યું છે. વિક્રમ સારાભાઈ, સતીશ ધવન અને અન્ય કેટલાક લોકો દ્વારા નાનકડી શરૂઆતથી જ, તે એક અદ્ભુત સફર રહી છે અને પીએમ મોદીએ અવકાશ ક્ષેત્રને "અનલોક" કર્યા પછી અને "આકાશની કોઈ મર્યાદા નથી" એવી માન્યતા પ્રસ્થાપિત કર્યા પછી, તે "આકાશની કોઈ મર્યાદા નથી" છે. એક મોટી છલાંગ."

જણાવી દઈએ કે, આ નેવિગેશન સેટેલાઈટ 'નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટેલેશન' (નાવિકા) સીરિઝનો બીજો ઉપગ્રહ છે, જેનો ઉદ્દેશ્ય ભારતીય ઉપખંડમાં તેમજ લગભગ ૧,૫૦૦ વિસ્તારોમાં વપરાશકર્તાઓને ચોક્કસ સ્થિતિ, ઝડપ અને સમયની માહિતી આપવાનો છે. કિલોમીટરથી આગળ ભારતીય લેન્ડમાસ પ્રદાન કરવું પડશે.

આ એનવીએસ-૦૨ ઉપગ્રહનું વજન, ખાસ કરીને યુઆર સેટેલાઈટ સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવેલ અને વિકસાવવામાં આવેલ છે, જે આશરે ૨૨૫૦ કેજી છે. તે એલ ૧,એલ ૫ અને જી બેન્ડમાં નેવિગેશન પેલોડ્સ તેમજ સી-બેન્ડમાં રેન્જિંગ પેલોડ્સનું વહન કરે છે, જેમ કે તેની પ્રથમ પેઢીના સેટેલાઈટ એનવીએસ-૦૧ સાથે થયું હતું.

ભારતીય નક્ષત્ર સાથે નેવિગેશનએ ભારતની સ્વતંત્ર પ્રાદેશિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ છે. તે ભારતમાં અને ભારતીય ભૂમિ વિસ્તારથી ૧,૫૦૦ કિમી સુધી વિસ્તરેલા વિસ્તારમાં વપરાશકર્તાઓને સચોટ સ્થિતિ, વેગ અને સમય સેવાઓ પ્રદાન કરવાનો પણ હેતુ ધરાવે છે.

## જુનાગઢના જુના અખાડાના મહંત મહેશગીરી સહિત ૪ સાધુઓને પદભ્રષ્ટ કરવાનો મહાકુંભમાં નિર્ણય

જુનાગઢ

છેલ્લા ઘણા સમયથી ભવનાથમાં ચાલી રહેલા અંબાજી મંદિરના ગાદી વિવાદ અને ભવનાથ મહાદેવ મંદિરના મહંત પદને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદમાં મુખ્ય ભૂમિકા ભૂતનાથ મંદિરના મહંત મહેશગીરીની છે. જેમણે અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બ્રહ્મલીન થયા બાદ ખોટી રીતે સહી સિક્કા કરાવી લઈ ગાદી પદ હડપવાનો પ્રયાસ કર્યો. છેલ્લા ૬-૭ મહિનાથી ચાલી રહેલા આ વિવાદમાં વચ્ચે મોટા સમાચાર એ સામે આવ્યા છે કે મહાકુંભમાં જુના અખાડા દ્વારા મહેશગીરી સહિત ચાર સાધુઓને પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે.

અખાડાના નિયમોનો ભંગ કરનાર સાધુઓને પદભ્રષ્ટ કરવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી ભવનાથમાં અંબાજી મંદિરની ગાદીનો વિવાદ વકર્યો છે. અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બ્રહ્મલીન થતા મહંત મહેશગીરી તેના પર દાવો કરી રહ્યા છે. જેને લઈને વિવાદ વધુ વકર્યો છે. પહેલેથી જ વિવાદમાં રહેલા મહેશગીરી સામે મહાકુંભમાં જુના અખાડાના બંધારણ મુજબ તેમને પદભ્રષ્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. મહેશગીરી સહિત મહાદેવગીરી, અમૃતગીરી અને કનૈયાગીરીને પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે.મહંત મહેશગીરીએ જુના અખાડા પરિષદના સેક્રેટરી રહેલા હરીગીરી પર ભવનાથ મંદિર હડપ કરવા માટે ૫ કરોડ રૂપિયા આપ્યા હોવાનો લેટરબોંબ પણ ફોડ્યો હતો. જેમા જુનાગઢના બે પૂર્વ કલેક્ટરના નામો પણ સામે આવ્યા છે. આ ઉપરાંત મહેશ ગીરીએ ખોટી



અંબાજી મંદિરના મહંત તનસુખ ગીરીના ખોટા સહીસિક્કા કરી પોતાને મંદિરના ગાદીપતિ ગણાવતા ગાદી માટેની ખેંચતાણ શરૂ થઈ છે. આ તમામ વિવાદોને પગલે જુના અખાડા દ્વારા હાલ મહેશગીરી સહિત ત્રણ મહંતોને સસ્પેન્ડ કરાયા છે.

અખાડાના નિયમો મુજબ જો કોઈ સાધુ દિક્ષા લીધા બાદ કોઈ વિવાદમાં સપડાય તો તેને પદભ્રષ્ટ કરવામાં આવે છે. જો કોઈ સાધુ દિક્ષા લીધા બાદ વિવાહ કરી લે, કોઈની હત્યા કરે અથવા દુષ્કર્મ, છેડતી જેવા કેસમાં પકડાય ત તેને અખાડામાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. અખાડામાંથી તેમને પદભ્રષ્ટ કર્યા બાદ તેમના પર ભારતીય બંધારણ પ્રમાણે કલમ લગાવવામાં આવે છે અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત જો અખાડાના બે સભ્યોને અંદરો અંદર ઝઘડો થાય, છાવણીમાંથી કોઈને સામાન ચોરી કરતા પકડાય, દેવસ્થાનને અપવિત્ર કરે અથવા વર્જિત સ્થાન પર પ્રવેશ કરે અથવા અખાડાના સ્ટેજ પર કોઈ અપાત્ર ચડી જાય તો તેને અખાડાની કોર્ટ દ્વારા સજા આપવામાં આવે છે. અખાડાના જે સભ્ય આ કાયદાનું પાલન નથી કરતા તેને સસ્પેન્ડ કરી દેવામાં આવે છે.


### જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મું, શહેરા, તા શહેરા.**

**અરજદારઃહરિજન પ્રવિણભાઈ વકતાભાઈ, રહે.સરાડીયા, તા.શહેરા,જિ.પંચમહાલ.**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,સરાડીયા,તા.શહેરા,જી.પંચમહાલ,**

**આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે હરિજન વીણાબેન વકતાભાઈનું તા.૧૪/૦૪/૧૯૯૦ ના રોજ મોજે.સરાડીયા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેનના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૯૧/૨૦૨૪ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૨૯ .માહે- જાન્યુઆરી સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**મામલતદાર**
**અને**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા.**

### જાહેર નોટીસ

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં મું, ગોધરા.**

**જન્મ-મરણ અરજી નંબરઃ ૧૪૨/૨૪**

**અરજદારઃ-ઈબ્રાહીમ અબ્દુલરજાક મોહનસાતપુલ મુસ્લીમ સોસાયટી-સી, વેજલપુર રોડ,ગોધરા.**

**-ઃ વિરૂદ્ધ ઃ-**

**સામાવાળાઃ-જન્મ-મરણ રજિસ્ટ્રાર, ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, ગોધરા.**

**-ઃઃ જાહેર નોટીસ ઃઃ**

**આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી ઈબ્રાહીમ અબ્દુલરજાક મોહન, રહેઃસાતપુલ મુસ્લીમ સોસાયટી-સી, વેજલપુર રોડ, ગોધરાએ તેઓના પોતાના નામે "ઈબ્રાહીમ અબ્દુલરજાક મોહન" નો જન્મ તાઃ૨૮/૦૧/૧૯૬૧ ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પોતાના નામે "ઈબ્રાહીમ અબ્દુલરજાક મોહન" નો જન્મ તા-૨૮/૦૧/૧૯૬૧ ની જન્મની નોંધ સામાવાળા જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, -સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૨૮/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાનાં -વાંધા-તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.આજ તારીખ ઃ ૨૯/૦૧/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.**

કોર્ટનો સિક્કો

**(એચ.વી. ભોઈ)**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગોધરા(શહેર)**


## દિલ્હી-એનસીઆરમાં તમામ વાહનો પર ફ્યુઅલ સ્ટીકર ફરજિયાતઃ, સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટે એક આદેશ જારી કરીને કહ્યું કે દિલ્હી-એનસીઆરમાં ચાલતા તમામ વાહનોએ તેમના વિન્ડશિલ્ડ પર હોલોગ્રામ આધારિત સ્ટીકરો લગાવવા પડશે. જેથી ઉપયોગમાં લેવાતા બળતણની પ્રકૃતિ સૂચવી શકાય.

સુપ્રીમ કોર્ટે કલર કોડેડ સ્ટીકરોને ફરજિયાત બનાવ્યા છે અને નિર્દેશ આપ્યો છે કે કલર કોડનું પાલન ન કરતા વાહનોના સંદર્ભમાં પીયુસી સર્ટિફિકેટ, માલિકનું ટ્રાન્સફર, સરનામું બદલવું વગેરેને મંજૂરી આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮ માં દ્રઝઈ માં વાહનો માટે રંગ કોડેડ સ્ટીકરોના ઉપયોગને મંજૂરી આપી હતી. આ મુજબ, પેટ્રોલ/સીએનજી વાહનો માટે આછા વાદળી રંગનું સ્ટીકર, ડીઝલ વાહનો માટે નારંગી રંગનું સ્ટીકર અને ઈલેક્ટ્રિક વાહનો માટે લીલા રંગનું સ્ટીકર વાપરવાનું હતું. પરંતુ તેને ફરજિયાત બનાવવામાં આવ્યું ન હતું અને તેનું પાલન સુનિશ્ચિત કરવાની કોઈ જોગવાઈ નહોતી. આ સ્ટીકરો નબળી ગુણવત્તાવાળા બળતણનો ઉપયોગ કરતા વાહનોને ઓળખવામાં અને ઉચ્ચ પ્રદૂષણના દિવસોમાં નબળી ગુણવત્તાવાળા બળતણનો ઉપયોગ કરતા વાહનોની અવરજવરને પ્રતિબંધિત કરવામાં મદદ કરે છે.

ન્યાયાધીશ અભય એસ ઓક અને ન્યાયાધીશ ઉજ્જલ ભુઈયાની બેન્ચે રાજ્ય સરકારને રંગ કોડનું પાલન ન કરતા વાહનો સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો અને કહ્યું કે જે વાહનો આ સૂચનાઓનું પાલન નહીં કરે તેમને પીયુસી પ્રમાણપત્ર, ફિટનેસ પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં. વાહનને પીયુસી પ્રમાણપત્ર, ફિટનેસ પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં. ખરીદી કે વેચાણ અને સરનામું બદલવા વગેરેની મંજૂરી આપવી જોઈએ નહીં. બેન્ચે કહ્યું, 'અમે ઓગસ્ટ ૨૦૧૮ ના આદેશમાં ફેરફાર કરીએ છીએ અને નિર્દેશ આપીએ છીએ કે આ જોગવાઈઓ ૧ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ અથવા તે પછી ખરીદેલા વાહનો પર લાગુ થશે અને જે લોકો તેનું પાલન નહીં કરે તેમની સામે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૯૨ હેઠળ ગુનો નોંધવામાં આવશે.' સંબંધિત સરકારો દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવશે

### કયા વાહન માટે કયું સ્ટીકર?

પેટ્રોલ અને સીએનજી વાહનો માટે આછા વાદળી રંગનું સ્ટીકરઃ પેટ્રોલ અને સીએનજી વાહનો માટે તેમના વાહનના વિન્ડશિલ્ડ પર આછા વાદળી રંગનું હોલોગ્રામ સ્ટીકર લગાવવું ફરજિયાત બની ગયું છે, આ સ્ટીકર પર વાહન નોંધણી નંબર પણ હોવો આવશ્યક છે.

ડીઝલ વાહનો માટે નારંગી રંગઃ સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશો અનુસાર, ડીઝલ વાહનોના વિન્ડશિલ્ડ પર નારંગી રંગનું હોલોગ્રામ સ્ટીકર લગાવવું ફરજિયાત છે જેથી ડીઝલ વાહનો સરળતાથી ઓળખી શકાય.

ઈલેક્ટ્રિક વાહનો માટે લીલું સ્ટીકરઃ ઈલેક્ટ્રિક વાહનોને હવે ઈલેક્ટ્રિક વાહનોથી અલગ પાડવા માટે તેમના વાહનના વિન્ડશિલ્ડ પર લીલું સ્ટીકર લગાવવું જરૂરી છે.

## સરકાર પર ૨૮ હજાર કરોડ રૂપિયાનું દેવું છે, કેન્દ્ર તરફથી ભંડોળ રોકવાથી આર્થિક સંકટ

ચંદીગઢ

રંગલા પંજાબનો પાયો ફક્ત પંજાબ પરના ૩.૬૫ લાખ કરોડ રૂપિયાના દેવાના ડાઘને દૂર કરીને જ મજબૂત થઈ શકે છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા રાજ્ય માટે આ સૌથી મોટો પડકાર બની ગયો છે. કેન્દ્ર દ્વારા વારંવાર ભંડોળ રોકવાને કારણે, સરકારને રાજ્યને ચાલુ રાખવા માટે લોન તરફ નજર રાખવાની ફરજ પડી રહી છે.

જો નાણા વિભાગના ડેટા પર વિશ્વાસ કરવામાં આવે તો, સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે અત્યાર સુધીમાં ૨૮ હજાર કરોડ રૂપિયાની લોન લીધી છે, જ્યારે આ વર્ષે સરકાર માટે લોન લેવાની મર્યાદા ફક્ત ૧૦૦૦ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે. ૩૦,૪૬૪ કરોડ રૂપિયા.ભંડોળના અભાવે, બેંકને હવે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૫ સુધી ફક્ત ૨,૩૮૫ કરોડ રૂપિયાની વધારાની લોન પર આધાર રાખીને તેનું સંચાલન ચાલુ રાખવું પડશે. જો આપણે જોઈએ તો, વીજળી સબસિડીના રૂપમાં પણ સરકાર પર મોટો બોજ છે. સરકારને વીજળી સબસિડી માટે વાર્ષિક ૨૦ થી ૨૨ હજાર કરોડ રૂપિયા ચૂકવવા પડે છે.૨૦૧૯-૨૦માં, પંજાબ સરકાર પર લગભગ ૨.૨૯ લાખ કરોડ રૂપિયાનું દેવું હતું, જે સમય જતાં વધીને ૩.૬૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. પંજાબને દેવાના જાળમાંથી બહાર કાઢવા માટે સરકારે નાણાકીય સલાહકારોની નિમણૂક કરી છે જે આ દિશામાં કામ કરી રહ્યા છે. પરંતુ સરકારને હજુ પણ ક્યાંક ને ક્યાંક લોન લેવી પડે છે. રાજકોષીય ખાધ ઘટાડવા અને સતત વધતા સરકારી દેવાને નિયંત્રિત કરવા માટે, સરકારે ભૂતપૂર્વ નિવૃત્ત ઈજી અરવિંદ મોદીને મુખ્ય નાણાકીય સલાહકાર અને ડ્યુક યુનિવર્સિટીના જાહેર નીતિના પ્રોફેસર સેબેસ્ટિયન જેમ્સને નાણાકીય સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે.

કેન્દ્રએ પંજાબના લગભગ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ભંડોળને રોકી રાખ્યું છે. આમાં મુખ્યત્વે રાષ્ટ્રીય આરોગ્ય મિશનના ૫૫૦ કરોડ, આયુષ્માન ભારત યોજના હેઠળ ૨૪૯ કરોડ, ગ્રામીણ વિકાસ ભંડોળ હેઠળ ૫૬૦૦ કરોડ, મંડી બોર્ડ હેઠળ ૧૧૦૦ કરોડ, રાષ્ટ્રીય આરોગ્ય મિશનના ૧૧૦૦ કરોડ, સમગ્ર શિક્ષા અભિયાનનો સમાવેશ થાય છે. ૧૮૦ રૂપિયા ઉપરાંત મૂડી નિર્માણ માટે કરોડ અને મૂડી નિર્માણ માટે રૂ. ૧,૮૦૦ કરોડ, અન્ય ઘણા ભંડોળ પણ રોકવામાં આવ્યા છે.ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે, સરકારે કોંગ્રેસ, અકાલી-ભાજપ ગઠબંધન અથવા સત્તામાં આવેલી આમ આદમી પાર્ટી દ્વારા અત્યાર સુધીમાં લેવામાં આવેલી કુલ લોન પર ૧૫,૮૧૫.૫૬ કરોડ રૂપિયાનું વ્યાજ ચૂકવ્યું છે. ૨૦૨૩-૨૪માં, સરકારે લોન પર વ્યાજ તરીકે ૨૩,૯૦૦ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. નાણા વિભાગના ડેટા અનુસાર, સરકારે મહેસૂલ આવકમાં મર્યાદિત સફળતા મેળવી છે કારણ કે તેણે તેના લક્ષ્યાંકના માત્ર ૬૩.૮ ટકા જ પ્રાપ્ત કર્યા છે. પ્રથમ નવ મહિનામાં કુલ મહેસૂલ આવક રૂ. ૬૫,૯૨૫.૭૭ કરોડ રહી. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં રાજ્યના મૂડી ખર્ચમાં વધારો થયો છે, પરંતુ આ નાણાકીય વર્ષમાં તેણે લક્ષ્યના માત્ર ૫૬.૯૨ ટકા જ પ્રાપ્ત કર્યા છે. પ્રથમ નવ મહિનામાં કુલ મૂડી ખર્ચ રૂ. ૪,૫૪૦.૨૫ કરોડ રહ્યો.

આ રીતે છેલ્લા વર્ષોમાં સરકાર પર દેવું વધ્યું છે.

| નાણાકીય વર્ષ | દેવું રૂ. (કરોડોમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨,૨૯,૩૫૪ |
| ૨૦૨૦-૨૧ | ૨,૪૯,૬૭૩ |
| ૨૦૨૧-૨૨ | ૨,૬૧,૨૮૧ |
| ૨૦૨૨-૨૩ | ૨,૯૩,૭૨૯ |
| ૨૦૨૩-૨૪ | ૩,૨૩,૧૩૫ |
| ૨૦૨૪-૨૫ | ૩,૫૩,૬૦૦ |

## ટ્રમ્પે પાકિસ્તાન પર આર્થિક સર્જિકલ સ્ટ્રાઈક કરી, તમામ પ્રકારની વિદેશી સહાય બંધ કરી



ઈસ્લામાબાદ,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો છે. ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર બાદ, પાકિસ્તાનને આપવામાં આવતી વિદેશી સહાય તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે. આને અમેરિકા દ્વારા પાકિસ્તાન પર કરવામાં આવેલી એક મોટી આર્થિક સર્જિકલ સ્ટ્રાઈક માનવામાં આવી રહી છે. પાકિસ્તાનને આપવામાં આવતી તમામ પ્રકારની સહાયનું હવે પુનઃમૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. મંગળવારે એક સમાચારમાં આ માહિતી આપવામાં આવી હતી.

પાકિસ્તાનના જિયો ન્યૂઝ અનુસાર, ટ્રમ્પના આ પગલાથી પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે. યુએસ સહાય તાત્કાલિક સ્થગિત કરવાથી પાકિસ્તાનમાં યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના ઘણા મુખ્ય પ્રોજેક્ટ્સ સ્થગિત થઈ ગયા છે, જેમાં એમ્બેસેડર્સ ફંડ ફોર કલ્ચરલ પ્રિઝર્વેશનનો સમાવેશ થાય છે, જે સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે બનાવવામાં આવ્યું છે. તે એક મુખ્ય પ્રોજેક્ટ છે. સંરક્ષણ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટેનો કાર્યક્રમ.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે પાકિસ્તાનને આપવામાં આવતી તમામ સહાય બંધ કરીને તેને આર્થિક ફટકો આપ્યો છે. અહેવાલમાં કરાચી સ્થિત યુએસ કોન્સ્યુલેટના એક અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડર અનુસાર અમેરિકાએ પાકિસ્તાનને આપવામાં આવતી વિદેશી સહાય પુનઃમૂલ્યાંકન માટે રોકી દીધી છે. પોતાના પહેલા કાર્યકાળ દરમિયાન પણ ટ્રમ્પે આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા બદલ પાકિસ્તાનને ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની ગ્રે લિસ્ટમાં મૂક્યું હતું.

# બોડેલી CNG પંપ પર લાઈન તોડવા બાબતે મારામારી : રીક્ષા ચાલકે કાર ચાલકને માથામાં લાકડી મારતાં ૭ ટાંકા આવ્યા : સીસી ટીવીમાં કેદ થઈ ઘટના



બોડેલી,

બોડેલી નજીક CNG પંપ પર લાઈનમાં ઊભા રહેવાના મુદ્દે થયેલી મારામારીની ગંભીર ઘટના સામે આવી છે. ૨૭ જાન્યુઆરીની રાત્રે સવા નવ વાગ્યે શ્રી જલા ટાઉનશિપના રહેવાસી યુવરાજસિંહ ઠાકોર પોતાની કાર લઈને ગેસ પુરાવવા માટે લાઈનમાં ઊભા હતા. ત્યારે રિક્ષા ચાલક કાળુભાઈ ભરવાડે લાઈન તોડવાનો પ્રયાસ કર્યો હતો.

યુવરાજસિંહે લાઈનમાં યોગ્ય રીતે ઊભા રહેવાનું કહેતા કાળુભાઈએ ગાળાગાળી શરૂ કરી હતી. બોલાચાલી ઉગ્ર બનતા કાળુભાઈએ રિક્ષામાંથી લાકડી કાઢી અને યુવરાજસિંહે પંપ પરનો પ્લાસ્ટિકનો ડિવાઈડર સ્ટેન્ડ ઉપાડચો હતો. યુવરાજસિંહે કાળુભાઈને હાથ પર ફટકો મારતા, કાળુભાઈએ લાકડી વડે યુવરાજસિંહના માથામાં અને પીઠ પર હુમલો કર્યો હતો.

હુમલામાં બેભાન થયેલા યુવરાજસિંહ પર કાળુભાઈએ વધુ ત્રણ ઘા કર્યા અને ''તને જીવતો નહીં રહેવા દઉં'' એવી ધમકી આપી ભાગી ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવરાજસિંહને બોડેલી ઢોકલિયા પબ્લિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી. જ્યાં તેમના માથામાં સાત ટાંકા લેવા પડ્યા હતા.

બોડેલી પોલીસે કાળુભાઈ અમરાભાઈ ભરવાડ વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. પંપના સીસીટીવી કેમેરામાં કેદ થયેલી આ સમગ્ર ઘટના હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે.

# કડાણા તાલુકામાં પિતાએ દિકરીના જાતિના દાખલા માટે મામલતદારમાં ધકકા ખાઈ થાકી જતાં દાખલો નહિ મળતા આપઘાત કર્યો




દિવડાકોલોની,

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના આંતરિયાળ વિસ્તારમાં આવેલા રણકપુર ગામની યુવતીને પોસ્ટ વિભાગમાં નોકરી મળી હતી. આ માટે તેને જાતિના (એસ.સી., એસ.ટી)ના દાખલાની જરૂર હતી. કેન્દ્ર સરકારની નોકરી હોવાથી અંગ્રેજીમાં દાખલો માંગવામાં આવ્યો હતો. આ દાખલો લેવા માટે યુવતીના પિતા મામલતદાર કચેરીમાં છેલ્લા ૨૫ દિવસથી ધકકા ખાતા હતા. પરંતુ દાખલો નહિ મળતા દિકરીની નોકરી જતી રહેશે તેવી ચિંતામાં આપઘાત કરી લીધો છે.

મૃતક ઉદાભાઈ ડામોરના પરિવારજનોના આક્ષેપો મુજબ ઉદાભાઈની દિકરી દ્રુવિશાને વાવના થરાદ ખાતે કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગમાં નોકરી મળી હતી. દ્રુવિશા એસ.ટી.(શિડચુલ ટ્રાઈબ)હોવાથી પોસ્ટ વિભાગમાં જાતિનો દાખલો રજુ કરવાનો હતો. પરંતુ દ્રુવિશાનો દાખલો ગુજરાતીમાં હતો. જયારે પોસ્ટ વિભાગે અંગ્રેજી દાખલાની માંગ કરીને ૧૦ દિવસમાં દાખલો જમાં કરાવવા માટે સુચના આપી હતી. આ વાત દ્રુવિશાએ તેના પિતા ઉદાભાઈ ડામોરને કહી હતી. જેથી ઉદાભાઈ કડાણા ખાતે આવેલ મામલતદાર કચેરીમાં અંગ્રેજીનો દાખલો કઢાવવા માટે ગયા હતા. અહિં તેને રોજ અલગ અલગ કારણોથી પાછા મોકલવામાં આવતા હતા. સતત ૨૦ દિવસ સુધી ધરમ ધકકા ખાઈને ઉદાભાઈ થાક્યા હતા. પરિવારનુ પેઢીનામુ, પિતા, દાદા, તથા પરિવારના અન્ય લોકોના એસ.ટી.ના દાખલા સહિતના પુરાવાઓ કર્યા હતા. તેમ છતાં મામલતદાર કચેરીના અધિકારીઓ અવનવા પુરાવા માંગેની હેરાન કરતા હતા. પોસ્ટ વિભાગની ૧૦ દિવસની મુદ્દત પુરી થઈ ગઈ હતી. એટલે દિકરીની નોકરી જતી રહેશે તેવા વિચારો સાથે ઉદાભાઈ ચિંતામાં રહેતા હતા. મામલતદાર માટે બે મિનીટનુ કામ હતુ તે કામ માટે ૨૫ દિવસ થયા છતાં દાખલો મળ્યો ન હતો. આખરે ચિંતામાં ડુબેલા પિતા ઉદાભાઈએ સ્યુસાઈડ નોટ લખીને ઘર નજીક આવેલા ખેતરમાં ઝાડ સાથે લટકી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. સ્યુસાઈડ નોટમમાં નાયબ મામલતદાર અને મામલતદારના ત્રાસથી હું આત્મહત્યા કરી રહ્યો છુ તેવો ઉલેખ કરવામાં આવ્યો છે.

# સંખેડામાં પૌરાણિક અર્જુનનાથ મંદિર બચાવવા ગ્રામજનોનો આક્રોશ: નદી કિનારે સંરક્ષણ દીવાલની માંગ સાથે મામલતદારને આવેદન, ૩૧ જાન્યુઆરીએ સંખેડા બંધની ચેતવણી



સંખેડા,

સંખેડા ખાતે ઉચ્ચ નદી કિનારે સ્થિત પૌરાણિક અર્જુનનાથ મહાદેવ મંદિરને બચાવવા માટે સ્થાનિક ગ્રામજનોએ આજે શક્તિ પ્રદર્શન કર્યું હતું. હાંડોદ રોડ પર આવેલું આ પાંડવકાલીન મંદિર હિન્દુ સમાજની આસ્થાનું કેન્દ્ર છે. જ્યાં દરરોજ સેંકડો શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે.

ગત વર્ષે જુલાઈ ૨૦૨૨માં આવેલા પૂરમાં મંદિરની પાછળ આવેલું નકુલેશ્વર મહાદેવનું મંદિર નદીના ધોવાણને કારણે તણાઈ ગયું હતું. હવે અર્જુનનાથ મહાદેવ મંદિરને બચાવવા માટે છેલ્લા અઢી વર્ષથી ટ્રસ્ટીઓ અને ગ્રામજનો નદી કિનારે સંરક્ષણ દીવાલ બનાવવાની માંગ કરી રહ્યા છે.સરકાર તરફથી કોઈ પ્રતિસાદ ન મળતા આજે ગ્રામજનોએ રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. ગ્રામજનોએ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સંખેડા બંધ અને ભજન-કીર્તન કરવાની ચેતવણી આપી છે. સ્થાનિકોના મતે, આ ઐતિહાસિક અને ધાર્મિક વારસાને બચાવવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. જેથી નદીના વધુ ધોવાણથી મંદિરને નુકસાન ન થાય.

# છોટાઉદેપુર નગરપાલિકા ચૂંટણીમાં ત્રણ દિવસમાં ૧૬૨ ફોર્મનો ઉપાડ : ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે હજુ એક પણ ફોર્મ ભરાયું નથી : ૧ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી શકાશે



છોટાઉદેપુર,

છોટાઉદેપુર નગરપાલિકાની આગામી ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટેના ફોર્મ ભરવાના ત્રીજા દિવસે ૩૦ ફોર્મનો ઉપાડ થયો છે. આ સાથે કુલ ૧૬૨ ફોર્મનો ઉપાડ થયો છે. જેમાં ૨૭ જાન્યુઆરીએ ૬૦, ૨૮ જાન્યુઆરીએ ૭૨ અને ૨૯ જાન્યુઆરીએ ૩૦ ફોર્મનો સમાવેશ થાય છે.

૧૬ ફેબ્રુઆરીએ યોજાનારી આ ચૂંટણીમાં ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકો માટે મતદાન થશે. જોકે, ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થયાના ત્રણ દિવસ બાદ પણ હજુ સુધી એક પણ ઉમેદવારે ફોર્મ ભર્યું નથી. જે સ્થાનિક સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૧ ફેબ્રુઆરી છે.

છોટાઉદેપુર નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત બહુજન સમાજવાદી પાર્ટી અને બીટીપી જેવા પક્ષો મહત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત, અપક્ષ ઉમેદવારો પણ મજબૂત સ્થિતિમાં છે. રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારો છેલ્લી ઘડીએ ફોર્મ ભરવાની રણનીતિ અપનાવી રહ્યા હોવાનું જણાય છે. જેના કારણે આગામી દિવસોમાં રસાકસીભર્યો જંગ જોવા મળી શકે છે.

# દાહોદની ઘટક-૧ની આંગણવાડી કેન્દ્ર પર પૂર્ણા દિવસની ઉજવણી કરાઈ



દાહોદ,

જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ દાહોદના ઘટક-૧ના તમામ આંગણવાડી કેન્દ્ર પર પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહિનાના દર ચોથા મંગળવારે થીમ આધારિત રાષ્ટ્ર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જીલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીએ દીકરીઓના શિક્ષણની સાથે પોષણ સ્તરમાં સુધારો લાવવાની દિશામાં રાજ્ય સરકારની કામગીરી અને યોજનાકીય માહિતી વિશે દીકરીઓને સમજ પુરી પાડી હતી. વધુમાં દીકરીઓને મિલેટ્સમાંથી તૈયાર કરવામાં આવેલી વાનગીઓનું સેવન કરીને પોતાના સ્વાસ્થ્યની સુરક્ષાની જાતે કાળજી લેવા પ્રેરિત કર્યા હતા. આ વેળાએ આંગણવાડી બહેન દ્વારા ભૂલકાઓના પોષણસ્તરમાં સુધારો કરવા માટે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા થઈ રહેલી કામગીરીથી દીકરીઓને વાકેફ કરીને પૂર્ણાશકિત યોજના અંગે માહિતી પુરી પાડી હતી. કિશોરીઓને દર ગુરૂવારે આર્યનની ગોળીઓ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. કિશોરીઓ કુપોષિત હશે તો કુપોષિત બાળકને જન્મ આપશે માટે દીકરીઓએ સ્વસ્થ રહેવું ખુબ જરૂરી છે. તેમજ તમામ ઘટકમાં ''પુર્ણા દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. જેમા કિશોરીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત લેવડાવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ દ્વારા કાયદાની પ્રાથમિક સમજ આપવામાં આવી હતી. તેમજ પોતાની સલામતી કરી રીતે રાખવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, ભારતીય પોસ્ટ, ૧૮૧- અભયમ મોબાઈલ એપ્લીકેશન, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, આરોગ્ય વિભાગ, રોજગાર વિભાગ, બાળ સુરક્ષા વિભાગ સહિત શિક્ષણ વિભાગની યોજનાકીય માહિતીથી વાકેફ થયા હતા. આ તમામ કચેરીઓની યોજનાઓ જેવી કે સુકન્યા સમૃદ્ધિ યોજના, બેટી બચાઓ, બેટી પઢાઓ, વહાલી દીકરી યોજના, સખી વન સ્ટોપ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર, ઘરેલું હિંસાથી મહિલાઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ વગેરે જેવી મહિલાઓ માટે લાભકારી યોજનાઓ-કાયદાઓની છણાવટ કરવામાં આવી હતી.

# કવાંટ તાલુકાના ગામોને જોડતા સ્લેપ ડ્રેનનું ખાતમુહુર્ત કરાયું



કવાંટ,

આજરોજ ૧૩૮ જેતપુર પાવી વિધાનસભાના કવાંટ તાલુકાના મોગરા ગામે તાલુકાકક્ષાએ આવવા માટે મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત અગાઉ સ્ટ્રક્ચરના નાળા હતા અને હાલમાં લોકો ચોમાસા દરમિયાન વર્ષો જૂની પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખી (૧) ૩-ગાળાનો મીની બ્રિજ ૧૦૨.૨૧લાખના ખર્ચે /ગુજરાત સરકાર આજરોજ છોટાઉદેપુર જીલ્લાના કવાંટ તાલુકાના આંતરિક વિસ્તારના ગામોને તાલુકા મથકે જોડતા સ્લેપ ડ્રેનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.છોટાઉદેપુર જીલ્લા પંચાયત ઉપપ્રમુખ રણજીતભાઈ, તાલુકા પંચાયતના સભ્ય છત્રસિંહભાઈ વિસ્તાર સૌ સરપંચો વિસ્તારના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં વડીલો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

# છોટાઉદેપુર જિલ્લામાં કપાસની જીનોમાં ખેડુતો કપાસ વેચવા માટે આવતા એક કિ.મી.જેટલી વાહનોની લાંબી લાઈનો

નસવાડી,

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, બોડેલી અને સંખેડા તાલુકામાં આવેલી કપાસની જીનોમાં ખેડુતો કપાસ વેચવા માટે આવતા એક કિ.મી.લાંબી વાહનોની કતારો લાગી જયારે સીસીઆઈ દ્વારા કપાસના ભાવ ઓછા કરવાની દહેશત ફેલાતા હાલ ખેડુતો મોટાપાયે કપાસ વેચવા ઉમટ્યા હતા.

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, બોડેલી, સંખેડા ત્રણ તાલુકામાં કપાસનુ મબલખ વાવેતર થાય છે. હાલ સીસીઆઈ દ્વારા કપાસની ખરીદી કપાસની જીનોમાં કરે છે. નસવાડી, બોડેલી, સંખેડા, કલેડિયા, કોસિંદ્રા, હાંડોદમાં ૧૦ જેટલી કપાસની જીનોમાં બે દિવસથી મોટાપાયે ખેડુતો કપાસ વેચવા માટે આવી રહ્યા છે. કોસિંદ્રા ગામે એક કિ.મી.લાંબી કપાસ વેચવા આવેલા ખેડુતોના વાહનોની કતારો લાગી હતી. સીસીઆઈ દ્વારા કપાસની ખરીદીમાં ઉતારાના આવતા હોવાથી કપાસના ભાવ ઓછા કરી ખરીદી કરવાની વાત પંથકમાં ફેલાતા ખેડુતોમાં ઘરોમાં મોટાપાયે કપાસના ઢગલા હોવાથી ખેડુતો રાતોરાત કપાસ ભરી સીસીઆઈને વેચવા માટે નીકળતા મબલખ આવકો કપાસની થતાં જીનોમાં કપાસના મોટા મોટા ઢગલા ખડકાઈ રહ્યા છે. જીનોમાં પિલાણ કરવાની ક્ષમતા પણ વધારવાની નોબત આવી છે. કારણ કે, આવકો ડબલ થઈ ગઈ છે અને પિલાણ ઓછુ થાય છે. કપાસ પિલાણ થયા બાદ તેના કપાસ્યા સરકારે જે કંપનીને વેચ્યા હોય તે કંપનીના ટ્રાન્સપોર્ટરોને કપાસ્યા ભરી આપવા તેમજ રૂ નુ પિલાણ થયુ હોય તેની ગાંસડીઓ પણ મુકવા માટે મુશ્કેલી સર્જાય તેવી સ્થિતિ ઉભી થઈ રહી છે. હાલ તો કપાસની મબલખ આવકો સીસીઆઈમાં થઈ રહી છે. સીસીઆઈમાં ખેડુતો કપાસ વેચે તો ક્વિન્ટલે રૂ.૭૦૦ થી ૮૦૦ બહાર ભાવ કરતા વધારે મળે છે. હાલ તો સીસીઆઈના કર્મચારીઓ કપાસની ખરીદી કરી ખેડુતોને સમયસર કપાસના નાણાં મળે તે માટે કપાસની ખરીદી બાદ મોડીરાત સુધી ઓનલાઈન ખરીદી ચઢાવવાની તેમજ બિલો બનાવવાની કામગીરી કરી રહ્યા છે.

# ગોધરાના બાબુલ પાર્કમાં જાહેર રસ્તા પર ઉભરાતી ગટરોને લઈ રોગચાળાનો ભય

ગોધરા,

ગોધરા બાબુલ પાર્કમાં ગટરના પાણીનો કાયમી નિકાલ ન હોવાના કારણે સોસાયટીઓમાં ગટરો ઉભરાતા સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગંદા પાણી રસ્તા પર આવી જતાં મકાનોમાં અવર જવર કરવી પણ મુશ્કેલ બન્યુ છે. પાલિકાને અનેકવાર રજુઆતો કરી હોવા છતાં સમસ્યાનુ નિરાકરણ નહિ આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો.

ગોધરા પાલિકાના વોર્ડ નં.-૧૦માં આરટીઓ મુખ્ય માર્ગ આકાશવાણી કેન્દ્ર સામે આવતા વિસ્તારમાં બાબુલ પાર્કમાં સહિત સોસાયટીઓમાં છેલ્લા ઘણા સમયથી અહિંના લોકો વ્યથિત છે. જેનુ એકમાત્ર કારણ છે ગટરોનુ ગંદુ પાણી. અહિં ઘરની બહાર નીકળવુ પણ મુશ્કેલ બન્યુ છે. ઘરની બહાર નીકળતા જ ખુબ દુર્ગંધ આવે છે. જેના કારણે લોકોનુ અહિંયા રહેવુ મુશ્કેલ બન્યુ છે. રહિશોએ આ અંગે વારંવાર પાલિકા તંત્રને રજુઆતો કરવા છતાં તેનુ નિરાકરણ આવતુ નથી. મુખ્ય માર્ગ પર સતત ૨૪ કલાક ગંદા પાણી ભરાતા માખી-મચ્છોરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. જેના કારણે અન્ય રોગચાળો ફેલાવવાની દહેશત પણ સેવાઈ રહી છે.

# દાહોદ શહેરમાં શાકમાર્કેટ હવે એમ એન્ડ પી સ્કુલ પાસે ખસેડાશે

દાહોદ,

દાહોદમાં બીએસએનએલ ઓફિસની સામે ચાકલીયા રોડ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા પતરાના શેડ નાંખીને શાક માર્કેટ ઉભુ કરવામાં આવ્યુ છે. વર્ષોથી ચાલતા આ શાકમાર્કેટને એક વર્ષ પહેલા દુર કરવાના આદેશથી ભારે રોષ ફેલાયો હતો. વૈકલ્પિક વ્યવસ્થા બાદ જ માર્કેટ દુર કરાય તેવી વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી હતી. જોકે તત્કાલિન સમયે આ મામલો થાળે પડ્યો હતો. પરંતુ અહિં સ્માર્ટસિટી અંતર્ગત રસ્તો કાઢવાનો હોવાથી માર્કેટ ખસેડવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. ત્યારે પાલિકા પ્રમુખ નીરજ દેસાઈ દ્વારા આ માર્કેટ એમ એન્ડ પી સ્કુલ પાસેથી નગરપાલિકાએ કબ્જે લીધેલી જગ્યામાં ખસેડવાની જાહેરાત કરી હતી. આ શાકમાર્કેટને ડબલ ડેક્કર અને આધુનિક સુવિધાવાળુ બનાવીને અહિંના સ્ટોલ ધારકોને ત્યાં ખસેડવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવતા વેપારીઓમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી. આ નિર્ણયના પગલે ભેગા થયેલા વેપારીઓ દ્વારા પાલિકા પ્રમુખ દેસાઈનુ સન્માન કરીને તેમનો આભાર પત્ર પણ આપવામાં આવ્યો હતો.

## આપની આજ.......

મેષ: આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ: આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન: દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્ક: આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો,

સિંહ: દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

કન્યા: આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

તુલા: આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઘરના વડીલોને નવા અનુભવ મળશે.

ધન: આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મકર: આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો. બપોર પછી તમને આર્થિક મામલામાં સફળતા મળશે.

કુંભ: આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન: આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગુજરાતના મંદિરો અને રાજસ્થાનના જૈન મંદિરોમાં થતી ચોરીના ગુનામાં દાહોદ એલ.સી.બી.એ એક આરોપીને ગરબાડા માતવાથી ઝડપ્યો

દાહોદ,

ગુજરાતના મંદીર તેમજ રાજસ્થાનના જૈન મંદીરોમાં થતી ઘરફોડ ચોરીના અનડિટેક્ટ ગુન્હાઓને દાહોદ એલસીબી પોલીસે હ્યુમન અને ટેકનિકલ સોર્સના માધ્યમથી તેમજ સ્પેશીયલ ડ્રોન દ્વારા આરોપીને ટ્રેક કરી બે પૈકી એક આરોપીને ગરબાડાના માતવા ગામે પોલીસે ડ્રોન ફરતે ખેતરોમાં આરોપીનો પીછો કરી પકડી પાડી ત્યાર બાદ તેના સહ આરોપીઓને પણ પોલીસે પકડી પાડી વિવિધ પાંચ ઘરફોડ ચોરીના અનડીટેક્ટ ગુન્હાઓને અંજામ આપનાર પકડાયેલ બે આરોપીઓ પાસેથી પોલીસે ચોરીમાં ગયેલ ચાંદીના દાગીના તેમજ એક મોટરસાઈકલ મળી પોલીસે કુલ રૂા.૭,૩૨,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.



દાહોદ જીલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા માટે, જુગારની પ્રવૃતિઓને અટકાવવા માટે, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે, અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે તેમજ ખાસ કરીને હાલ ઘરફોડ ચોરીના વધતાં બનાવને અટકાવવા માટે તેમજ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ આરોપીઓને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે આ કામગીરી દરમ્યાન દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ગુજરાતના મંદીર તેમજ રાજસ્થાનના જૈન મંદીરોમાં થતી ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપી રાજેશભાઈ ઉર્ફે રાજી લાલાભાઈ ભાભોર (રહે. માતવા, મખોડીયા ફળિયું, તા.ગરબાડા, જી.દાહોદ) નો તેના રહેણાંક વિસ્તારમાં હોવાની પોલીસને બાતમી મળી હતી. મળેલ બાતમીના આધારે પોલીસે ગતરોજ તેના રહેણાંક વિસ્તારમાં અલગ અલગ ટીમો ખડકી દેતાં ઉપરોક્ત આરોપીને પકડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ઉપરોક્ત આરોપીને પોલીસ આવી હોવાની જાણ થતાં તેણે ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને તેના ઘર નજીકથી પસાર થતાં ખેતરોમાંથી ભાગ્યો હતો. ત્યારે પોલીસે ડ્રોન મારફતે ખેતરોમાં તપાસ કરી ઉપરોક્ત આરોપીનો ખેતરોમાં પીછો કરી તેને પકડી પાડ્યો હતો. પોલીસ તેને પકડી લાવી પોલીસ મથકે લાવ્યાં બાદ તેની ઘનિષ્ઠ પુછપરછ કરી હતી. જેમાં પકડાયેલ આરોપી રાજેશભાઈ ઉર્ફે રાજીએ તેના સાગરીતો સાથે મળી દાહોદ અને બાંસવાડામાં અલગ અલગ સ્થળોએ ચોરીઓને અંજામ આપ્યો હતો. પકડાયેલ આ આરોપીને વધુ ઘનિષ્ઠ પુછપરછ દરમ્યાન અન્ય એક આરોપી દિલીપભાઈ મણીલાલ સોની (રહે.મંડાવાવ રોડ, રોકડીયા સોસાયટી,તા.જી.દાહોદ)નું પણ નામ ખુલતા પોલીસે તેને પણ પકડી લાવી તેની પણ પોલીસે ઘનિષ્ઠ પુછપરછ કરતાં આ દિલીપભાઈએ વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય, દાહોદ તાલુકા, ગાંધીનગર, પંચમહાલ મળી કુલ ૧૦ સ્થળોએ પોતાના સાગરીતો સાથે મળી ઘરફોડ ચોરીઓને અંજામ આપ્યો હતો. પોલીસે ઉપરોક્ત બંન્ને પકડાયેલ આરોપીઓ પાસેથી ચાંદીના દાગીના તેમજ એક મોટરસાઈકલ મળી કુલ રૂા.૭,૩૨,૭૦૦નો મુદ્દામાલ કબજે કરી દાહોદ એલસીબી પોલીસે ઉપરોકત ઝડપાયેલ બંન્ને આરોપીઓના સાગરીતોના પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે. આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના નાડાતોડ ગામે ખેતરમાં વાવેતર કરેલ ગાંજાના છોડ ૭૯ લાખના જથ્થા સાથે બે આરોપીને એસ.ઓ.જી.એ ઝડપ્યા

દાહોદ,

દાહોદ એસઓજી પોલીસ દ્વારા ડ્રોન કેમેરાની મદદથી દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાડાતોડ ગામે ખેતરમાં વાવેતર કરેલ ગાંજાના છોડનો કુલ રૂા.૭૯,૦૪,૦૦૦ના જથ્થા સાથે બે આરોપીઓની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.



દાહોદ જીલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા માટે, જુગારની પ્રવૃતિઓને અટકાવવા માટે, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે, અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે તેમજ ખાસ કરીને હાલ ઘરફોડ ચોરીના વધતાં બનાવને અટકાવવા માટે તેમજ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ આરોપીઓને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે આ કામગીરી દરમ્યાન દાહોદ એસઓજી પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ પોલીસે દેવગઢ બારીઆના નાડાતોડ ગામે પોલીસની ટીમે ધામા નાંખ્યા હતા અને ગામમાં ડ્રોન કેમેરાની મદદથી વિસ્તારમાં ચેકીંગ હાથ ધરતાં જેમાં નાડાતોડ ગામે પટેલ ફળિયામાં આવેલ ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર પોલીસને નજરે પડતાં પોલીસે ખેતરમાં તપાસ હા ધરી હતી. જેમાં પોલીસે ખેતર માંથી ગાંજાના છોડ નંગ.૪૫૫ જેનું વજન ૭૯૦.૪૦૦ કિલોગ્રામ જેની કુલ કિંમત રૂા.૭૯,૦૪,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ખેતર માલિક પ્રેમભાઈ મોતીભાઈ પટેલ અને શૈલેષ રમેશભાઈ પટેલ (બંન્ને રહે.નાડાતોડ, પટેલ ફળિયા, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ) નાઓની પોલીસે અટકાયત કરી. આ સંબંધે દાહોદ એસઓજી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લા ટ્રાફિક પોલીસ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન હેલ્મેટ અને લાયસન્સ વગર ચાલકોને સમજ આપી

દાહોદ,

દાહોદ શહેરમાં વાહન ચાલકો ટ્રાફિકાના નિયમોનું ચુસ્તપણે પાલન કરે તેમજ લોકોમાં ટ્રાફિકના નિયમોનું જાગૃતતા લાવવા માટે દાહોદ જીલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા છેલ્લા પંદર દિવસથી શહેરના વિવિધ માર્ગો પર સ્પેશીયલ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં હેલ્મેટ વગરના વાહન ચાલકો, લાયસન્સ વગરના વાહન ચાલકો, ત્રિપલ સવારી વિગેરે જેવા વાહન ચાલકોને સ્થળ પર દંડની વસુલાત કરી તેઓને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સમજણ આપવામાં આવી રહી છે.



દાહોદ જીલ્લામાં આમ તો છેલ્લા એક, બે વર્ષથી માર્ગ અકસ્માતનો બનાવોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. પરંતુ તેમ છતાંય વાહન ચાલકોની ગફલતના કારણે છેલ્લા કેટલાંક દિવસોથી દાહોદ જીલ્લામાં માર્ગ અકસ્માતોની વણઝાર સર્જાઈ છે. જેમાં ગત ઉત્તરાયણના સમયગાળા દરમ્યાન ઝાલોદ તાલુકામાં ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક સાથે ૬ વ્યક્તિઓના મોતને પગલે જીલ્લાભરમાં ચકચાર મચી જવા પામી હતી ત્યાર બાદ પણ જીલ્લામાં કેટલાંક સ્થળોએ વાહન અકસ્માતના બનાવોમાં નિર્દોષ વાહન ચાલકો તેમજ રાહદારીઓ માર્ગ અકસ્માતનો ભોગ બની પોતાના જીવ ગુમાવ્યાં હતાં. ત્યારે આ માર્ગ અકસ્માતોના બનાવોની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ જીલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા છેલ્લા પંદર દિવસથી જીલ્લામાં વિવિધ સ્થળોએ વાહન ચેકીંગ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં દાહોદ શહેરના બી ડિવીઝન પોલીસ સ્ટેશન વિસ્તાર તરફથી જતાં ઝાલોદ રોડ ખાતે ટ્રાફિક પોલીસ તેમજ દાહોદ બી ડિવીઝન પોલીસના સંયુકત ઉપક્રમે વાહન ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં દરરોજ ૮૦થી વધુ વાહન ચાલકો જેમાં હેલ્મેટ વગરના વાહન ચાલકો, લાયસન્સ વગરના વાહન ચાલકો, ત્રિપલ સવારીવાળા વાહન ચાલકો તેમજ ફોર વ્હીલર ગાડીના કાચ પર પ્રતિબંધિત બ્લેક ફિલ્મવાળા વાહન ચાલકો સામે લાલ આંખ કરી તેઓને સ્થળ પર દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાથે સાથે વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સમજણ પણ આપવામાં આવી હી છે. જીલ્લા ટ્રાફિક પોલીસ વિભાગના જવાબદાર અધિકારી દ્વારા વાહન ચાલકોને ટુ વ્હીલર વાહન ચલાવતી વેળાએ હેલ્મેટ અવશ્ય પહેરવા માટે અપીલ કરવામાં આવી હતી. તેઓના જણાવ્યાં અનુસાર, તેઓના ઘરે તેઓનો પરિવાર પણ રાહ જોવે છે. માટે વાહન ધીમે હંકરવા તેમજ ફરજીયાત હેલ્મેટ પહેરી ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે વાહન ચાલકોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

# દાહોદના ગોધરા રોડ ઉપર બાખડેલ આખલાએ મહિલાને અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે જાહેરમાં રખડતા આખલાઓના યુધ્ધના આતંક વચ્ચે આખલાઓએ એક મહિલાને અડફેટમાં લેતાં મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં મહિલાને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.



દાહોદ શહેરમાં જાહેરમાં રખડતા પશુઓ અને ખાસ કરીને જાહેરમાં બાખડતા આખલાઓના ત્રાસથી દાહોદ શહેરવાસીઓ હેરાન પરેશાન થઈ ગયાં છે. આખલાઓનો ત્રાસ દાહોદ શહેરમાં ચરમસીમાએ પહોંચ્યો છે. દાહોદ નગરપાલિકા આવા જાહેરમાં રખડતા પશુઓને પાંજરે પુરવા માટે વામળી પુરવાર સાબીત થઈ રહી છે. સતત ચોલીસે કલાક શહેરના ઘણા એવા સતત ધમધમતા માર્ગોની વચ્ચે આવા પશુઓ અડીંગો જમાવી બેસી રહેતાં હોય છે જેને પગલે રસ્તા પરથી આવતાં જતાં વાહન ચાલકોને તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણી વખત આવા પશુઓ તેમજ ખાસ કરીને આખલાઓ જાહેરમાં બાખડતા તેઓના યુધ્ધને પગલે ઘણી વખત વાહન ચાલકો તેમજ રાહદારીઓને અડફેટમાં લેતાં લોકોને શરીરે ઈજાઓ પહોંચી હોવાના બનાવો પણ બની ચુક્યાં છે. ઘણી વખત આવા આખલાઓ જાહેરમાં બાખડતા બાખડતાં લોકોના રોજગાર, ધંધાના સ્થળોની અંદર પર પહોંચી જતાં હોય છે. જેને પગલે વેપારીઓને નુકસાન વેઢવાનો વારો પણ આવતો હોય છે. પશુઓના યુધ્ધને પગલે વાહનોને પણ અડફેટમાં લેતાં વાહનોને પણ નુકસાન થતું હોય છે. મહિના પહેલા દાહોદ શહેરમાં સ્ટેશન રોડ ખાતે આવાજ જાહેરમાં બાખડતા પશુઓના યુધ્ધની વચ્ચે મોપેડ ટુ વ્હીલર ગાડી લઈ પસાર થઈ રહેલા એક વૃધ્ધને અડફેટમાં લેતાં વૃધ્ધ નજીકમાંથી પસાર થતાં ટ્રેક્ટરની અડફેટે આવી જતાં વૃધ્ધનું કમકમાટી ભર્યુ સ્થળપર મોત નીપજ્યું હતું. ત્યારે આ મામલે પણ દાહોદ શહેરવાસીઓએ દાહોદ નગરપાલિકા તેમજ સંબંધિત તંત્રને લેખિતમાં રજુઆત કરી દાહોદ શહેરમાં રખડતા પશુઓને પાંજરે પુરવા માટેની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી હતી, પરંતુ શહેરવાસીઓની આ માંગણી પણ માત્ર કાગળ પર રહી ગઈ છે. દાહોદ શહેરમાં હાલ પણ પશુઓ અને જાહેરમાં બાખડતા પશુઓ અડીંગો જમાવી બેસે છે. ત્યારે આજરોજ દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે જાહેરમાં યુધ્ધ કરતાં આખલાઓએ રસ્તેથી પસાર થતી એક મહિલાને અડફેટમાં લેતાં મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનીક લોકોએ ગંભીર ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. દાહોદ નગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા પશુઓને પાંજરે પુરવા માટે કોઈ નક્કર કામગીરી ન કરવામાં આવતાં શહેરવાસીઓમાં દાહોદ નગરપાલિકાની કામગીરી સામે પણ ભારે આક્રોશ ઢાલવી રહ્યાં છે.

## દે. બારીયા પાલિકાની જનતા બોલે છે.....

# દે.બારીયા પાલિકામાં નલ સે જલ યોજના, શૌચાલય સહીત અનેક પ્રજા વિકાસની કામગીરીમાં લાખ્ખો રૂપિયાના ખર્ચ થયા છતાંય હજુપણ કામગીરી અધૂરી

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢ બારીયા પાલિકા વિસ્તારમાં કુલ છ વોર્ડ આવેલ છે. જેમાં પાલિકા વિસ્તારમાં દેવગઢ બારીયા શહેર સહીત મોતીપુરા, નાના પુવાળાનો સમાવેશ પાલિકામાં કરવામાં આવેલ છે. ગ્રામપંચાયત દરજ્જાના આ નાનકડા ગામ પાલિકા વિસ્તારમાં વિકાસના કામો વધારે થશે તેવી આશામાં હજુ દિવસો પસાર કરી રહ્યા છે.

દેવગઢ બારીયા નગરપાલિકામાં વિકાસના કામો માટે સરકાર તરફથી લાખ્ખો નહીં પણ કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને તે ગ્રાન્ટનો ઉપયોગ પણ પુરેપુરી રીતે થઈ રહ્યો છે, પરંતુ પુરી કામગીરી નહીં થતી હોવાનું જનતા જણાવી રહી છે. નગરની જનતાને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે વોટર ફિલ્ટર પ્લાન્ટ બનાવવા માં આવેલ છે. જયાંથી પાણી પાઈપ લાઈન મારફતે આખા નગરમાં પૂરૂં પાડવામાં આવે છે. ક્યારેક આ વોટર ફિલ્ટર પ્લાન્ટ બંધ હોવાથી અશુદ્ધ પાણી પણ બજારમાં આવતું હોય છે, જે પ્રજાને ખબર છે. નલ સે જલ યોજનામાં પણ કામગીરી હજુ અધૂરી હોવાથી અમુક વિસ્તારમાં પાણી પહોંચતું નથી, તેવું પણ જાણવા મળ્યું છે. ગરીબ જનતાના ઘણા લોકોને હજુપણ આવાસ મળ્યા નથી. શૌચાલયમાં પણ હજુ એવુ છે. જેમને આવાસ અને શૌચાલય મળ્યા છે, તેમને કેટલાયના ઘર અને શૌચાલય હજુપણ અધૂરા પડ્યા છે.

દેવગઢ બારીયા નગરની સુખાકારી માટે બનેલ બગીચા નિયમિત સાફ સફાઈના અભાવે ધીમે ધીમે શુષ્ક બની રહ્યા છે. બજારમાં જ્યાં જુઓ ત્યાં કચરાના પડેલા ઢગ અને પ્લાસ્ટિક થેલીઓ રોડ ઉપર પડેલી હોય છે. કારણ કે સફાઈ કામદારોને સમયે પગાર નહીં મળતો હોવાનું પણ ચર્ચાઈ છે. પાલિકા ચૂંટણીની તારીખ હવે જાહેર થઈ ચુકી છે અને દરેક વોર્ડમાં ઉમેદવાર પોતાની જીત નકકી હોવાના દાવા સાથે મતદારોનો સંપર્ક કરી રહ્યા છે. પ્રજાની પડખે અને વોર્ડના વિકાસમાં મહત્વની કામગીરી કરનારા ઉમેદવાર ઓછા હશે. વોર્ડમાં ચૂંટાઈ ગયા પછી વોર્ડમાં જનતાના વિકાસની વાત ઠીક પણ પોતાના વિકાસ માટે ચૂંટણી લડતા હોય તેવું હાલમાં જણાઈ છે. કેમકે ભૂતકાળમાં આ પરિસ્થિતિ પાલિકામાં થઈ હતી. જે પાલિકાની જનતાને ખબર છે.

આમ, દેવગઢ બારીયા પાલિકા વિસ્તારમાં પાલિકાની જનતાના વિકાસના કામો તંત્ર દ્વારા આવનાર સમયમાં નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તેવું જનતા ઈચ્છી રહી છે.

# ફતેપુરામાં પુરવઠા અધિકારીનો દરોડો : પેટ્રોલ પંપ, અનાજ ગોડાઉન અને ગેસ એજન્સીની અચાનક તપાસ, વેપારીઓમાં ફફડાટ



દાહોદ,

દાહોદ જીલ્લા પુરવઠા અધિકારી ગોપાલ હરદાસાણીએ ફતેપુરા તાલુકામાં અચાનક તપાસ અભિયાન હાથ ધર્યું હતું. આ દરમિયાન તેમણે ત્રણ મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત લીધી હતી. જીલ્લા પુરવઠા અધિકારીએ સૌ પ્રથમ ફતેપુરા ખાતે આવેલા કુબેર પેટ્રોલ પંપની ચકાસણી કરી હતી. ત્યારબાદ બાવાની હથોડ ગામમાં આવેલા સરકારી અનાજના ગોડાઉનની મુલાકાત લીધી હતી. અંતમાં, સુખસર ખાતે આવેલી ઈન્ડેન ગેસ એજન્સીની પણ આકસ્મિક તપાસ કરી હતી.

આ અચાનક તપાસથી સ્થાનિક વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. જોકે, આ તપાસ નિયમિત ચેકિંગના ભાગરૂપે કરવામાં આવી હતી કે, પછી કોઈ ફરિયાદના આધારે કરવામાં આવી હતી, તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ તપાસ દરમિયાન કોઈ ગેરરીતિ કે નિયમભંગ મળી આવ્યો કે કેમ તે અંગેની માહિતી પણ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

# શ્રી કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ગણતંત્ર દિવસની દબદબાભેર ઉજવણી

ઝાલોદ,

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી કે.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ૭૬ મા પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય ડો. આશીષ મોદીના વરદહસ્તે ધ્વજવંદન અને પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યો. આ પ્રસંગે ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ એસ.આર.રાવ તથા મંત્રી ડો. પી.એમ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એન. સી. સી. ઓફિસર લેફ્ટ. ડો. અજીતસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ એન.સી.સી.ના કેડેટ્સ દ્વારા રાષ્ટ્ર ધ્વજને સલામી આપવામાં તેમજ પરેડ કરવામાં આવી હતી. ધ્વજવંદન બાદ એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા



દેશભક્તિ પ્રેરક વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, તેમના માતા-પિતા, સ્ટાફ અને ગ્રામજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. બી.એમ. ગોહિલ દ્વારા મુખ્ય ભૂમિકા ભજવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. વાય.પી.ઝાલા દ્વારા કરવામાં આવ્યું.

# દે.બારીયા તાલુકાની પ્રા.શાળાઓમાં અભ્યાસ માટે આવતા બાળકો દાળ-ભાતના મેનુથી વંચિત કેમ છે ???

દે.બારીયા,

આપણા ગુજરાત રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ૧૯૮૪ સાલથી મધ્યાહન ભોજન યોજના શરૂઆત થતા શાળાઓમાં અભ્યાસ માટે આવતા ગરીબ ખેડુતો તથા ખેત મજુરોના બાળકો શાળામાં જમીલે જો તેવું કહીને બાળકોને મજુરીના કામે જતા રહે છે. એક સપ્તાહમાં ત્રણ દિવસ દાળની હોય છે. જેમાં બુધવારે દાળ-ભાત બાળકોનું પ્રિય છે. ગુજરાતી થાળીમાં દાળ-ભાતની વાનગી ના હોય તો ગુજરાતી થાળી અધુરી ગણાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં છેલ્લા ત્રણ-ત્રણ માસથી દાળનો જથ્થો સંચાલકો સુધી પહોંચ્યો નથી. જેથી બાળકો દાળ-ભાત તથા દાળ-ઢોકળીની વાનગીથી વંચિત રાખવા પાછળ કોણ જવાબદાર છે. તેની તટસ્થ તપાસ થશે ખરી ? દાહોદ જીલ્લા લેવલે થી બાળકોના માટે જે અઠવાડીક મેનુ મુજબ વાપરવામાં આવતી વસ્તુઓ જે ૬ થી ૮ ધોરણનો અનાજમાં ઘઉં, ચોખાનો જથ્થો ફાળવામાં આવે છે. તે સમય મર્યાદામાં ફાળવણી કરવામાં આવે તો બાળકો ભુખ્યા ના રહે અત્રે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે, કેન્દ્ર સંચાલકોને પદરની કોઈ વસ્તુ ખરીદી કરવાની પરવાનગી નથી. જેથી એક વાનગીથી બાળકો કંટાળી ગયા છે. તે વાસ્તવિક છે જેથી દાળનો જથ્થો ફાળવણી થાય તેવા આદેશો જારી કરવામાં આવશે ખરાં ?

# ઝાલોદ આંગણવાડી વર્કર કિશોરીઓની બહેનો દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાત કરવામાં આવી

ઝાલોદ,

આજ રોજ દાહોદ જીલ્લાના ઝાલોદ ઘટક-૧માં જીલ્લા પૂર્ણા કન્સલ્ટન્ટ, મુખ્ય સેવિકા, BNM સ્ટાફ, DSMU સ્ટાફ તથા આંગણવાડી વર્કર દ્વારા કિશોરીઓની ઝાલોદ પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી. જેમાં થીમ મુજબ રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી, ઘરેલુ હિંસા, દહેજ પ્રથા, સામાજીક શોષણ, બાળ લગ્ન, જાતીય સતામણી,૧૮૧ હેલ્પ લાઈન વગેરે કાયદાઓ વિશે સમજ આપવામાં આવી. તેમજ સોશિયલ મીડિયા ગેરફાયદા અંગે કિશોરીઓને સમજ આપવામાં આવી. સરકાર દ્વારા ઘણી બધી યોજનાઓ અને કાયદાઓ આજે અમલમાં છે. જેના દ્વારા સ્ત્રી એ સ્વમાન ભેર પોતાની જીંદગી જીવી શકે અને ખરાબ દૂષણો માંથી બચી શકી છે. સરકાર દ્વારા મહિલા



પોલિશ સ્ટેશન/મહિલા અભયમ હેલ્પલાઈન નંબર ૧૮૧ વન સપોટ સેન્ટરો વગેરે ચાલુ છે. તેની હેલ્પ કેવી રીતે લેવી તે જાણકારી કિશોરીને આપવામાં આવી તેમજ વધુમાં પોલીસ અધીકારી દ્વારા કિશોરીઓમા શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી પોલીસ સ્ટેશનની આંતરિક મુલાકાત. કિશોરીઓ સાથે સંવાદ તેમજ અધિકારી પી.આઈ. રાઠવા દ્વારા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# આપ નેતાઓની હાજરીમા ઝાલોદ પાલિકા ચુંટણી ઉમેદવારોની સેન્સ કામગીરી હાથ ધરાઈ

ઝાલોદ,

ઝાલોદ પાલિકાની ચુંટણી ફોર્મ અરજી ભરવાની તારીખ નજીકમા છે તેવામા હાલ નગરમા ચુંટણીને લઈ માહોલમા ગરમાવો જણાય આવે છે. ત્યારે વિવિધ વોર્ડમાથી મેન્ડેટ માંથી ઉભા રેહવા ભાજપના ઉમેદવારોની લાબી કતારો જણાય આવે છે.તો બીજી તરફ વોર્ડ નં બે માથી ભાજપના મેન્ડેટમાથી કોણ કોણ લડશે. ઉમેદવારી કરવા કોણ કરશે તે હજી સુધી અકબંધ સ્થિતીમા રેહતા ચર્ચાનો વિષય બન્યો છે. હાલ નગરમાં ચૂંટણીને લઈને માહોલમાં ગરમજોશી જણાય આવે છે.

તે અનુસંધાને આપ પાર્ટી પણ પાલિકા ચુંટણીમા એક્ટિવ મુડમા લડીને જીતવાના સંકલ્પ સાથે મેદાને ઉતરવા સંપુર્ણપણે કામે લાગતી જણાય આવે છે.

આજ તારીખ ૨૯/૦૧/૨૦૨૫ બુધવારના રોજ આમ આદમી પાર્ટીની મિટિંગ ઝાલોદ વિધાનસભા પ્રમુખ અનિલભાઈ ગરાસિયાના કાર્યાલય ખાતે યોજાઈ હતી. જેમા આપ પ્રમુખે જણાવ્યુ હતુ કે,આવનાર નગરપાલિકા અને પેટા ચૂંટણીના ઉમેદવારોની પસંદગીને લઈ ચર્ચા કરવામાં આવી. હાલ લગભગ દરેક વોર્ડ માંથી ઉમેદવારી માટેના અરજી ફોર્મ પાર્ટીના જવાબદાર લોકો પાસે આવી ચુક્યા છે અને ટૂંક જ સમયમાં તમામ વોર્ડના ઉમેદવારના નામ ડીક્લરેશન કરવા જઈ રહીયા છે, ત્યારે હજી પણ ઉમેદવારી કરવા ઉત્સુક ઉમેદવારના અરજી ફોર્મ સ્વીકારવા અને જનસંપર્ક કરવા જણાવવામાં આવ્યું. આ મિટિંગમાં દાહોદ જીલ્લા પ્રમુખ રાકેશભાઈ બારીયા, પ્રભારી અલકેશભાઈ ચારેલ અને સહ પ્રભારી ઈકબાલભાઈ સાથે મહિલા જીલ્લા પ્રમુખ શૃતિબેન, શહેર પ્રમુખ કનુભાઈ બારીયા સહિત કાર્યકર્તાઓએ સહિત ઉમેદવારી માટે લોકોએ મોટી સંખ્યામા ઉપસ્થિત રહી હાજરી આપી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.135

# ગોધરા પશ્ચિમ વિસ્તારમાં એમ.જી.વી.સી.એલ.ની ૬૧ ટીમો દ્વારા વીજ કનેકશન ચેકીંગ કરતાં ૭૭ વીજ કનેકશનમાં ૩૦ લાખની વીજ ચોરી ઝડપાઈ

ગોધરા,

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આજરોજ મધ્ય ગુજરાત વીજ કંપની અને પોલીસ વિભાગને સાથે રાખીને વીજ કનેકશનનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. વીજ કંપનીના મેગા સર્ચ અભિયાનમાં ૬૧ ટીમોના ૨૪૪ કર્મચારીઓ ૭૭ પોલીસ કર્મચારીઓ જોડાયા હતા. પશ્ચિમ વિસ્તારમાં ૧૩૫૬ વીજ કનેકશન ચેકીંગમા ૭૩ ગ્રાહકો પાસેથી ૩૦ લાખ રૂપીયાની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી છે.



ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આજરોજ મધ્ય ગુજરાત વીજ કંપની, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને પંચમહાલ પોલીસની ટીમ સાથે રાખીને મેગા સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ વિસ્તારના પોલનબજાર, વેજલપુર રોડ, સાતપુલ, સ્ટેશન રોડ, સિંગલ ફળીયા, ગુહ્યા મહોલ્લા સહિતના વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. વીજ કંપનીના વીજ કનેકશન ચેકીંગની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં કુલ ૧૩૫૬ વીજ કનેકશનની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૭૩ વીજ ગ્રાહકો પાસેથી અંદાજે ૩૦ લાખ રૂપીયાની વીજ ચોરી ઝડપાઈ હતી. પશ્ચિમ વિસ્તારમાં વીજ કંપનીના મેગા સર્ચની કાર્યવાહી દરમિયાન ૭૩ જેટલા વીજ ગ્રાહકોને ત્યાંથી વીજ ચોરી પકડાઈ જતાં લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. કેટલાક સ્થળોએ વીજ કનેકશન ચેકીંગ કરતી વીજ કંપનીના કર્મીઓ સાથે રકઝકના કિસ્સાઓ બન્યા હતા. જેને સ્થાનિક પોલીસે સમજાવટથી શાંત પાડી હતી. પશ્ચિમ વિસ્તારમાં વીજ ચોરી ઝડપાઈ હતી. તેવા વીજ ગ્રાહકો સામે કાયદેસર કાર્યવાહી કરી તમામ ગ્રાહકોને વીજ પુરવણી વીજ બીલ આપવામાં આવશે.

# ગોધરા પાલિકાના વોર્ડ-૭ની પેટા ચુંટણીમાં કોંગ્રેસના શોએબ ચરખાએ ઉમેદવારી ફોર્મ કોંગ્રેસના આગેવાનની હાજરી ભર્યું

ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૭માં અગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર પેટા ચુંટણી માટે કોંગ્રેસ પક્ષના સામાજીક કાર્યકર શોએબ મોહમંદ ચરખાએ ઉમેદવારી ફોર્મ ભર્યું છે.

ગોધરા નગર પાલિકાના પશ્ચિમ વિસ્તારના વોર્ડ નં.૭માં આગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ પેટા ચુંટણી યોજાનાર છે. ત્યારે વોર્ડ નં.૭માં કોંગ્રેસ પક્ષેથી સામાજીક કાર્યકર શોએબ મોહમંદ ચરખાને મેદાનમાં ઉતાર્યા છે. મુસ્લીમ બહુમતી ધરાવતા આ વિસ્તારમાં ઘણા વર્ષો



બાદ કોંગ્રેસે સક્રિય ઉમેદવારી નોંધાવી છે. પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર પંચમહાલ જીલ્લા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ અજીતસિંહ ભાટી, અનસ અંધી, અલ્તાફ હયાત, અકરમ પટેલ, અલ્તાફ હયાત સહિતના કોંગ્રેસના કાર્યકરોની હાજરીમાં જુની પ્રાંત કચેરી ખાતે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જીલ્લા કોંગ્રેસ આગેવાન અજીતસિંહ ભાટીએ પ્રદેશ સમિતિને ઉમેદવારનું મેન્ડેટ રજુ કર્યું હતું. ઉમેદવારી નોંધાવનાર શોએબ ચરખાએ જણાવ્યું હતું કે, વિસ્તારના ઘણા ભાગોમાં ડ્રેનેજ લાઈન અને પીવાના પાણીની લાઈન નથી, સફાઈની નબળી છે, રસ્તાઓની અધુરી કામગીરી, સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓનો અભાવે છે. આ પાયાની સમસ્યાઓના નિરાકરણ માટે કટીબધ્ધતા વ્યકત કરી હતી.

# કોમર્સ કોલેજ ગોધરા ખાતે થેલેસેમિયા ચેક અપ કેમ્પ યોજાયો

ગોધરા,

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદના ઈન્ચાર્જ જયંતીભાઈ વાળંદ તથા તેમના સહ કર્મચારીઓ દ્વારા સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના પ્રથમ વર્ષના અભ્યાસ કરતા ૧૩૦ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ચેકઅપ કરવામાં આવ્યા હતા. અમદાવાદથી વહેલી સવારે આવી ગયેલી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ટીમ દ્વારા કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપી ફોર્મ ભરાવી વિદ્યાર્થીઓના બ્લડ સેમ્પલ લેવાની શરૂઆત કરી હતી અને આ કેમ્પમાં કોલેજના ૧૩૦ ભાઈ બહેનોએ પોતાના રક્ત થેલેસેમિયા પરીક્ષણ માટે



આપ્યા હતા. આ માટેની તમામ તૈયારીઓ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો. અરૂણસિંહ સોલંકી દ્વારા બે દિવસથી કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને થેલેસેમિયા ટેસ્ટ કરાવવા માટે પ્રોત્સાહિત કરાયા હતા.

પ્રોફેસર સોલંકીએ જણાવ્યું હતું કે, લગ્ન વખતે જન્મકુંડળી મેળવો તેની સાથે સાથે થેલેસેમિયા રિપોર્ટ ફરજીયાત મેળવવો કે જેથી આવનારી ભયંકર આફત એટલે કે થેલેસેમિયા મેજરથી જન્મતા બાળકને અટકાવી શકીએ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે એન એસ એસ ની લીડર કુ. હર્ષિતા ખીમાણી, ભવ્ય દેવડા, કુ. હર્ષિતા ચતવાણી કુ. સંજના વાઘેલા, ધ્રુવસિંહ ચૌહાણ, કુ. પાયલ સહિતના એનએસએસ સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કેમ્પને કોલેજના અદયાપિકા ઉન્નતીબેન પરમાર, ડો. પાયલબેન વ્યાસ, ડો.વીણાબેન પટેલ, પ્રો. મયંકભાઈ કોંકણી સહિતના અધ્યાપકોએ સંચાલનમાં મદદ કરી હતી. આગામી એક સપ્તાહમાં થેલેસેમિયા રિપોર્ટ આવી જશે, તેવું ટીમ દ્વારા જણાવવામાં આવ્યું હતું

# પંચમહાલ જીલ્લાના મોરવા(હ) તાલુકાના ગામોમાં વૃક્ષોનું બેફામ તંત્ર મૂક પ્રેરક

મોરવા(હ),

પંચમહાલ જીલ્લાના નજીકના ગામડાઓમાં વૃક્ષોનું થઈ રહેલો બેફામ નિકંદન કોને આપી છૂટ પંચમહાલ જીલ્લાના મોરા રજાયતા ખેડાપા નવાગામ સુલીયાદ આવા નજીકના ગામોમાં રોજના પાંચ થી છ ગાડીઓ વૃક્ષો કટીંગ કરેલી બે ફાર્મ હેરાફેરી કરી રહેલી છે, તેમ છતાં એ કયા તંત્રની રહેમ નજર હેઠળ અને કોને છૂટ આપી અને પરવાનગી આપી જે આટલું બધું જંગલમાંથી અને આજુબાજુ માંથી લાકડાઓ કટીંગ કરીને હેરાફેરી થઈ રહી છે. તેમ છતાંય વન વિભાગ ફોરેસ્ટ ખાતુ મામલતદાર પ્રાંત અને અન્ય સરકારી અધિકારી અને તંત્ર દ્વારા કોઈ રોકટોક રાખવામાં આવતું નથી. દિવસે જ આ જ રીતે મોટાભાગના લાકડાઓ વૃક્ષો કટીંગ કરીને ટેમ્પો બેફામ થઈ જઈ રહ્યા



છીએ. મોરવા હડપ થી ફોરેસ્ટ કચેરી આગળથી આ રીતની ગાડીઓ પસાર થઈ રહી છે, તેમ છતાં કોઈ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. સરકાર દ્વારા મોટા મોટા સૂત્રના દાવા કરે છે, વૃક્ષ વાવો વરસાદ લાવો પરંતુ અહીંયા તો ઊંધું જોવાઈ રહ્યું છે. વૃક્ષ કટિંગ કરો અને જંગલ ખાલી કરો તેવી પરિસ્થિતિ જોવાઈ રહેલી છે. સરકારી તંત્રની આટલી બધી ઘોરબેદરકારી જોવાય રહેલી છે, ક્યારેય કરશે આવે વૃક્ષોના હેરાફેરી કરતા ઉપર કાર્યવાહી હવે ખરેખર તપાસનો વિષય બન્યો છે. કોણ કરાવે છે આટલી બધી છૂટ આપીને વૃક્ષોનું નિકંદન ખરેખર એક નાનું વૃક્ષ વાવવા માટે વર્ષો નીકળી જાય છે. અત્યારે પંચમહાલ જીલ્લાના ગોધરા અને શહેરાના મોટાભાગના વેપારીઓ વૃક્ષો કટીંગ કરીને હેરાફેરી કરી રહેલા છે. સરકારના અલગ અલગ પ્રોગ્રામમાં અધિકારીઓને નેતાઓ દ્વારા વૃક્ષોનો રોપણ કરવા માટે ભવ્ય કાર્યક્રમ રાખતા હોય છે અને મોટી મોટી વાતો કરતા હોય છે, તો આ રીતે વૃક્ષો કટીંગ થઈ રહેલા છે, તો આના પર કાર્યવાહી ક્યારે થશે, જે ચર્ચાનો વિષય બન્યો છે. વૃક્ષો ઉછેરવા પાછળ સરકાર દર વર્ષે મોટી ગ્રાન્ટ ફાળવીને તેનો ખર્ચો પણ કરી રહી છે, પરંતુ અહીંયા તો ઊંધું જોવા મળી આવેલું છે. વૃક્ષો ઉછેરવાના બદલે કટીંગ નો વધારે સંખ્યા જોવાઈ રહેલી છે.

# કાંકણપુર આર્ટસ કોમર્સ કોલેજ ખાતે "મનોવિજ્ઞાન અને દૈનિક જીવન" વિષય પર મનોવિજ્ઞાન નિષ્ણાંત ડો. નરસિંહ પટેલનું વ્યાખ્યાન યોજાયું



કાંકણપુર,

શ્રી સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જે.એલ.કે. કોટેચા આર્ટસ અને એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા કોલેજના પૂર્વ અધ્યાપક ડો. નરસિંહ એચ. પટેલ, જાણીતા મનોવિજ્ઞાનવિદ અને પ્રતિષ્ઠિત પ્રોફેસર દ્વારા "મનોવિજ્ઞાન અને દૈનિક જીવન" પર એક ઉપયોગી અને પ્રેરણાદાયી વ્યાખ્યાન યોજાયું. ડો. નરસિંહ એચ.પટેલે તેમના વ્યાખ્યાનમાં મનુષ્યના માનસિક સ્વાસ્થ્ય, તેની અભ્યાસ અને જીવનની દૈનિક પરિસ્થિતિઓ વચ્ચેના સંબંધોને સમજૂતિ આપતાં, મનોવિજ્ઞાનના મહત્વપૂર્ણ પાસાઓ પર ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ડો.નરસિંહ એચ.પટેલે કઈ રીતે મનોવિજ્ઞાનના વિચારોને દૈનિક જીવનમાં લાગુ કરી શકાય તે પર વિવિધ ઉદાહરણો આપ્યા હતા. આ વ્યાખ્યાનમાં પધારેલ અતિથિનું સ્વાગત કોલેજના આચાર્ય ડો.જગદીશ પી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ હાજર રહી અને વ્યાખ્યાનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. મોહસીન ગરાના દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગોધરા સિંગલ ફળીયામાં રહેતા અને અમદાવાદ મધ્યસ્થ જેલના પાકા કામનો કેદી પેરોલ રજા ઉપર ફરાર થઈ જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરના ભટુક પ્લોટ અબુ બકકર મસ્જીદ પાસે સિંગલ ફળીયામાં રહેતા અને અમદાવાદ મધ્યસ્થ જેલના કેદી નંબર– એસ/૧૬૬૩૫ પેરોલ મંજુર થતાં ૧૭/૦૯/૨૦૨૪ના રોજ જેલ માંથી મુકત કરવામાં આવેલ હતો અને ૭ દિવસના પેરોલ પુરા થતાં જેલમાં હાજર નહિ થઈને ફરાર થઈ જઈ ગુનો આચરેલ હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરાના ભટુક પ્લોટ અબુ બકકર મસ્જીદ પાસે સિંગલ ફળીયામાં રહેતા અને અમદાવાદ મધ્યસ્થ જેલના પાકા કામના કેદી નંબર એસ/૧૬૬૩૫ સલીમ ઉર્ફે સલમાન યુસુફ જર્દાના ગુજરાત હાઈકોર્ટની તા.૨૬/૦૯/૨૦૨૪ થી ૭ દિવસના પેરોલ મંજુર થયેલ હતા. તા.૧૭/૦૯/૨૦૨૪ના રોજ અમદાવાદ મધ્યસ્થ જેલ માંથી પેરોલ ઉપર મુકત કરવામાં આવ્યો હતો. તા.૨૫/૦૯/૨૦૨૪ના રોજ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ પાકા કામના કેદી પેરોલ રજા પુરી થતાં જેલમાં હાજર નહિ થઈ ફરાર થઈ ગયેલ હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના સેગવા નાડા રોડ ઉપર બાઈક ચાલકે રાહદારીને ટકકર મારી ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના સેગવા નાડા રોડ ઉપર ફરિયાદીના ઘર નજીક મોટર સાયકલ ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને રાહદારીને અડફેટમાં લઈ ટકકર મારી માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના સેગવા નાડા રોડ ઉપર ધર્મેન્દ્રકુમાર જયંતિભાઈ પટેલના નજીક રોડ ઉપરથી મોટર સાયકલ નંબર જીજે.૧૭.સીએફ.૩૦૪૨ના ચાલક પુરઝડપે પસાર થતો હોય રાહદારી વાલસીંગભાઈ રામસીંગભાઈ બારીયા (પટેલ)ને અડફેટમાં લઈ ટકકર મારી હતી અને વાલસીંગભાઈને માથાના ભાગે પગના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન વાલસીંગભાઈનું મોત નિપજાવા પામ્યું હતું. અકસ્માત સર્જનાર બાઈક ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાઈ.

# ગોધરા સબજેલની દિવાલ કુદાવી અંદર નાખેલ પ્રતિબંધિત બીડી, પાન-મસાલાનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરા સબ જેલ માંથી આરોપીઓ દ્વારા એક સંપ કરી મળતીયાઓ મારફતે જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ મસાલા, બીડી, તમાકુંનો જથ્થો જેલની બહારની બાજુથી જેલની મુખ્ય દિવાલ કુદાવી જેલની અંદર ફેંકીને જેલના નિયમો તથા સુરક્ષાનો ભંગ કરી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સબ જેલમાં તા.૨૮ જાન્યુઆરીના રોજ આરોપી ઈસમોએ એક સંપ કરી સાંઠગાંઠ કરી અને જે બહારના મળતીયાઓ મારફતે જેલ પ્રતિબંધિત ચીજ વસ્તુઓ મંગાવેલ હતી. સબ જેલની મુખ્ય દિવાલ કુદાવીને અજાણ્યા ઈસમો દ્વારા જેલમાં સાયના બીડી જુડી નંગ–૩, દેસાઈ બીડી જુડી નંગ–૨, બુધાલાલ તમાકું નંગ–૩, કાંતીકાકા તમાકુવાળા મસાલા નંગ–૧૩નું પડીકું જેની અંદરના ભાગે ફેંકી ગેરકાયદેસર પ્રવૃતિ કરેલ હોય તેમજ જેલના નિયમો અને સુરક્ષાનો ભંગ કરી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

# ગોધરા સિવિલમાં ૨૫ દિવસમાં કુતરા, બિલાડી અને વાંદરાએ બચકાં ભર્યાના ૩૭૫ કેસ

ગોધરા,

ગોધરા શહેરમાં રખડતા કુતરાઓ બેફામ બનતા ૨૫ દિવસમાં ૩૩૮ વ્યતિઓને કરડ્યા હતા. જ્યારે વાંદરાઓએ ૨૨, જંગલી બિલાડીઓએ ૯, અને ઉંદરોએ ૬ લોકોને બચકા ભરતા તમામ ૩૭૫ લોકોએ ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવી હતી. ગોધરા શહેરમાં રખડતા કુતરાઓ કરડવાની ઘટનાઓમાં ઓચિંતો વધારો થઈ રહ્યો હોવાની જાણ સિવિલમાં નોંધતા કેસ ઉપરથી માલુમ પડ્યુ છે. શહેરમાં છેલ્લા ૨૫ દિવસમાં રખડતા કુતરાઓએ ૩૩૮ નાના બાળકો સહિત મોટેરાઓને બચકા ભરતા ગોધરાની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. કુતરા કરડવાની રેબિસ નામની બિમારી થતી હોવાથી તેની યોગ્ય સારવાર કરાવવી જરૂરી છે. હાલ તો સિવિલમાં ઈન્જેકશનોનો જથ્થો પુરતા પ્રમાણમાં છે. તાજેતરમાં જ વાંદરૂ બેકાબુ બનીને શહેરીજનોને બચકા ભર્યા હતા. શહેરમાં વાંદરા કરડવાથી ૨૨ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. શહેરમાં ફરતી જંગલી બિલાડીએ ૯ લોકોને બચકા ભર્યા હતા. જ્યારે ૯ લોકોને ઉંદર કરડતા સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી હતી.

# હાલોલ કંજરી ગામે હોટલ પાછળ ખેતરમાં જવાના રસ્તા પર બળતર માટે લાકડા વિણવા નિકળે દંપતિ પૈકી પતિ ઉપર અજાણ્યા ઈસમે પથ્થર માથામાં મારી દેતાં કરૂણ મોત નિપજ્યું

હાલોલ,

હાલોલના કંજરી ગામે હોટલની પાછળ ખેતરમાં જવાના રસ્તા ઉપર બળતણ માટે લાકડાં વિણવા જઈ રહેલા પતિ–પત્ની ઉપર અજાણ્યા ઈસમે પાછળથી રોડ ઉપર પડી રહેલ પથ્થર વ્યકિતના માથામાં મારી દેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાજર તબીબ દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ રૂરલ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.



હાલોલના કંજરી ગામે હોટલની પાછળ ખેતરમાં જવાના રસ્તા ઉપર બળતણ માટે લાકડા વિણવા માટે કંજરી ગામના તળાવ ફળીયામાં રહેતા દંપતિ લાલાભાઈ નાનજીભાઈ નાયક ઉ.વ.૩૫ તેમના પત્ની મંજુલાબેન સાથે બુધવારના રોજ બળતણ માટે લાકડા વિણવા જતા હતા. સવારે અગિયાર વાગ્યાના સમયગાળા દરમિયાન સંકલ્પ હોટલની પાછળ ખેતરમાં જવાના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન એક અજાણ્યો ઈસમ રસ્તા ઉપર પડી રહ્યો હતો. જેથી લાલાભાઈએ અજાણ્યા ઈસમને ઉભો કરીને તેનું નામ ઠામ પુછી તમે કોણ છો, કયાંના છો અહીં કેવી રીતે આવ્યા તેવું પુછી વિડીયો ઉતાર્યો હતો અને લાલાભાઈ અને તેમના પત્ની આગળ જઈ રહ્યા હતા. તે દરમ્યાન અજાણ્યા ઈસમે લાલાભાઈને પાછળથી આવી ધકકો મારી પાડી દઈ રસ્તા ઉપર નજીકમાં પડી રહેલા પથ્થર લઈને લાલાભાઈને માથાના ભાગે મારી દઈને ભાગી છુટયો હતો. અજાણ્યા ઈસમે પથ્થર માથામાં મારી દેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ લાલાભાઈને એમ્બ્યુલન્સ દ્વારા હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

હાલોલ રેફરલ હોસ્પિટલમાં ફરજ પરના તબીબ દ્વારા ઈજાગ્રસ્ત લાલાભાઈને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ હાલોલ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે તેમજ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવી હતી. પ્રાથમિક તપાસ કરી અજાણ્યા ઈસમ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૃતક લાલાભાઈ છુટક મજુરી અર્થે બીજા ગામે ગયા હતા અને થોડા દિવસ પહેલા જ કંજરી ગામે આવ્યા હતા અને આજરોજ અજાણ્યા ઈસમે પથ્થર મારી દેતાં મોત નિપજાવા પામ્યું છે.

# હાલોલ તાલુકાના ભમરીયા ચાંપાનેર રીસોર્ટ માંથી તિજોરી માંથી પાંચ લાખ રોકડાની ચોરી કરતા ચોર ઈસમ

હાલોલ,

હાલોલ તાલુકાના ભમરીયા ચાંપાનેર રીસોર્ટના આવેલ રૂમના પાછળના દરવાજો તોડી અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કર્યો હતો. ચાવીથી તિજોરી ખોલી તિજોરી માંથી ૫,૦૦,૦૦૦/– રૂપીયાની મત્તાની ચોરી કરી ગયાની ફરિયાદ પાવાગઢ પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના ભમરીયા ચાપાનેર રીસોર્ટમાં તા.૨૭ જાન્યુઆરીના ૭ થી ૧૦ વાગ્યા સુધીના સમયગાળામાં રીસોર્ટના રૂમના પાછળના દરવાજો તોડીને અજાણ્યો ચોર ઈસમે પ્રવેશ કર્યો હતો અને રૂમમાં ચાવીથી તિજોરી ખોલી હતી અને તિજોરીમાં મુકી રાખેલ ૫,૦૦,૦૦૦/– રૂપીયાની મત્તાની ચોરી કરી ગયો હતો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે રમેશભાઈ ગોબરભાઈ સરવાણીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા ગેની પ્લોટ પાસે વેચાણ માટે રાખેલ ૯૬૫ કિલો માંસનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરા ગેની પ્લોટ આદમ મસ્જીદ પાસે આવેલ મુન્ના ટ્રેડર્સની સામે ખુલ્લી જગ્યામાં વેચાણ માટે માંસનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી અને રેઈડ દરમિયાન ૯૬૫ કિલો માંસનો જથ્થો કિંમત ૧,૯૩,૦૦૦/– રૂપીયા, મોટર સાયકલ સહિત ૨,૪૩,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ જથ્થો ગૌમાંસ તેની તપાસ માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવ્યો.

ગોધરા શહેરના ગેની પ્લોટ આદમ મસ્જીદ પાસે આવેલ મુન્ના ટ્રેડર્સની સામે ખુલ્લી જગ્યામાં વેચાણ માટે માંસનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૯૬૫ કિલો માંસનો જથ્થો કિંમત ૧,૯૩,૦૦૦/– રૂપીયા તેમજ મોટર સાયકલ મળી કુલ ૨,૪૩,૦૦૦/– રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપીઓ યાસીન આદમ મદારી તથા ઈરફાન ઉભલી બન્ને નાશી છુટીયા હતા. પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ માંસનો જથ્થો ગૌમાંસનો જથ્થો છે કે કેમ તેની તપાસ માટે એફ.એસ.એલ.માં મોકલી આપવામાં આવ્યો.